પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૧ | ૨૨ એપ્રિલ, ૨૦૨૨, શુક્રવાર; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦



મોંઘેરા મહેમાન - જગપ્રસિદ્ધ અક્ષરધામની મુલાકાતે ગુરૂવારે સાંજે બ્રિટનના વડાપ્રધાન બોરીસ જ્હોન્સન પધાર્યા હતા... બી.એ.પી.એસ.ના સંતોએ જ્હોન્સનનું ભાવભીનું સ્વાગત કરી સમગ્ર અક્ષરધામ પરિસરની વિગતોથી વાકેફ કરી સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરાવ્યા હતા અને અભિષેક પણ કર્યો હતો... બોરીસ જ્હોન્સન અક્ષરધામની મુલાકાતથી મંત્રમુગ્ધ બન્યા હતા અને સમગ્ર સંસ્થાના સંતો અને સેવકોના સમર્પણ ભાવને બિરદાવ્યા હતા... વૈશ્વિક મહાસત્તામાના એક બોરીસ જ્હોન્સનની મુલાકાતથી ગાંધીનગરનું અને બી.એ.પી.એસ.નું ગૌરવ વધ્યું હતું...

## ૨૦૨૦-૨૧માં ઈલેક્ટ્રોલ બોન્ડ દ્વારા ૨૩૮ કરોડનું દાન

### રાજકીય પક્ષોને હવે ઈલેક્ટ્રોલ બોન્ડ મારફત દાન મળે છે

નવી દિલ્હી, તા.૨૧

ભારત સરકાર દ્વારા રાજકીય પક્ષોને કોર્પોરેટ અને વ્યક્તિઓ તરફથી દાનમાં મળતી રકમ હવે ઈલેક્ટ્રોલ બોન્ડ મારફત જ સ્વીકારવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ઈલેક્ટ્રોલ ટ્રસ્ટને કુલ રૂ.૨૫૮ કરોડની રકમ દાનમાં મળી હતી. કેન્દ્રના નિયમ અનુસાર દર વર્ષે જે દાનમાં રકમ મળે તેનાથી ૯૫ ટકા રકમ ટ્રસ્ટે ફરજીયાત રીતે રાજકીય પક્ષોને ફાળવી દેવી પડે છે.

નિયમ અનુસાર દેશના ટોચના ઈલેક્ટ્રોલ ટ્રસ્ટે એકત્ર કરેલી રૂ.૨૫૮.૪૯ કરોડની રકમમાંથી ૯૯ ટકા કે રૂ.૨૫૮.૪૩ કરોડની રકમ રાજકીય પક્ષોને ફાળવીદેવામાં આવી હતી. આ રકમમાં સૌથી મોટો હિસ્સો દેશની સત્તાધારી પાર્ટી ભારતીય જનતા પક્ષ (ભાજપ)ને મળ્યો છે.

ઉપલબ્ધ માહિતી અનુસાર રૂ.૨૧૨ કરોડની રકમ ભાજપને ફાળે આવી છે. આ પછી બીજા ક્રમે રૂ.૨૫ કરોડ સાથે જનતા દલ(યુ) એટલે કે બિહારનો સત્તાધારી પક્ષ છે. દેશમાં જે રાજકીય પક્ષોને ઈલેક્ટ્રોલ ટ્રસ્ટે ફાળવી કરી છે તેમાં ટોચની રાજકીય પાર્ટીઓને યાદી નીચે મુજબ છે.

## વિશ્વના ટોપ-૧૦ અરબપતિમાં ફરી મુકેશ અંબાણી સામેલ

### છેલ્લા કેટલાક સમયથી રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી ૧૧ મા સ્થાને હતા, તે નવમા સ્થાને પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૧

દુનિયાના ટોચના અરબપતિઓની યાદીમાં ગુરૂવારે મોટુ પરિવર્તન જોવા મળ્યુ. રિલાયન્સ ઈંડસ્ટ્રીસના શેરના ભાવ વધવાના કારણે મુકેશ અંબાણી એકવાર ફરીથી ટોપ-૧૦ની યાદીમાં પહોંચી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી રિલાયન્સના ચેરમેન ૧૧ મા સ્થાને હતા, પરંતુ હવે તેમની નેટવર્થ ૧૦૫.૨ અરબ ડોલર પર પહોંચી ગઈ અને તે સીધા નવમાં સ્થાને પહોંચી ગયા છે.

મુકેશ અંબાણીની સંપત્તિમાં જોરદાર વધારાનુ મુખ્ય કારણ રિલાયન્સના શેરની કિંમતમાં વધારો થવાનુ છે.

ઉલ્લેખનીય છેકે રિલાયન્સ ઈંડસ્ટ્રીસના શેર છેલ્લા પાંચ સત્રમાં સાત ટકા કરતા વધારે ઉછળીને નવા સર્વકાલિક ઉચ્ચ સ્તર પર પહોંચી ગયા છે.

## ધનબાદ નજીક ખનન દરમિયાન જમીન ધસી પડતાં ડઝન દટાયા

### ઝારખંડમાં કોલસાના ગેરકાયદેસર ખનનની ઘટના : ઝારખંડના ધનબાદમાં કોલસાના ઉત્ખનન દરમિયાન છાશવારે આવી ઘણી બધી દુર્ઘટનાઓ બનતી રહે છે

ધનબાદ, તા.૨૧

ઝારખંડના ધનબાદ ખાતે કોલસાના ગેરકાયદેસર ખનન દરમિયાન દુર્ઘટના બની છે. નિરસા વિધાનસભા ક્ષેત્રના ડૂમરજોડ ખાતે કોલસાના ગેરકાયદેસર ઉત્ખનન બાદ જમીન ૫૦ ફૂટ જેટલા ક્ષેત્રમાં ધસી ગઈ હતી. ચિરકુંડા થાણા ક્ષેત્રમાં બનેલી આ દુર્ઘટનામાં એક ડઝન જેટલા લોકો દટાયા હોવાનું સામે આવ્યું છે. આ અંગે જાણ થતાં જ પ્રશાસન અને અન્ય ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી રહ્યા છે.

ધનબાદમાં કોલસાના ઉત્ખનન દરમિયાન છાશવારે દુર્ઘટનાઓ બનતી રહે છે. ગત ગુરૂવારે ચાલ ધસી જવાના કારણે એક જ પરિવારની મહિલા અને યુવતીનું મોત થયું હતું. ઉપરાંત તે દુર્ઘટનામાં ૫થી વધારે લોકોને ઈજાઓ પહોંચી હતી. જિલ્લાના બરોરા થાણા ક્ષેત્રમાં ચિહાટી બસ્તી પાસે મુરાઈડીહ ફોર એચ પૈચ વિસ્તારમાં તે દુર્ઘટના બની હતી. મૃતક ૨૦ વર્ષીય યુવતી અને ૫૫ વર્ષીય મહિલા બંને એક જ પરિવારના હતા અને સંબંધમાં ભાણી અને નાની હતા.

ચાલુ મહિના દરમિયાન કોલસાની ચાલ ધસવાથી અન્ય ૨ મજૂરોના પણ મોત થયા છે.

# કંડલા પોર્ટ પરથી ૨૫૦ કિલો હેરોઈન પકડાયું

### ગુજરાત એટીએસ અને ડીઆરઆઈની સંયુક્ત કામગીરીમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ૨૫૦૦ કરોડ જેટલી કિંમતનું હેરોઈન ભરેલું કન્ટેનર ઝડપી પડાયું

અમદાવાદ, તા.૨૧

ગુજરાતનો દરિયાકાંઠો જાણે ડ્રગ્સ ઘૂસાડવા માટે માફિયાઓનો ફેવરિટ બની ગયો હોય તેમ મુંદ્રા બાદ હવે કંડલા પોર્ટ પરથી મોટી માત્રામાં હેરોઈન ઝડપાયું હોવાના અહેવાલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કંડલા પોર્ટ પરથી ૨૫૦ કિલો જેટલું હેરોઈન ઝડપાયું છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૫૦૦ કરોડ રુપિયા જેટલી થાય છે. ગુજરાત એટીએસ અને ડીઆરઆઈની સંયુક્ત કામગીરીમાં હેરોઈન ભરેલું કન્ટેનર ઝડપી પાડવામાં આવ્યું હતું. પ્રાથમિક અહેવાલ અનુસાર, આ હેરોઈન અફઘાનિસ્તાનમાંથી આવ્યું હોવાની આશંકા સેવાઈ રહી છે. આ મામલે એટીએસના ડીઆઈજી દીપન ભદ્રને જણાવ્યું હતું કે એટીએસ અને ડીઆરઆઈના સંયુક્ત ઓપરેશનમાં કંડલા પોર્ટ પરથી હેરોઈનનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. જોકે, કેટલી માત્રામાં હેરોઈન ઝડપાયું છે અને તેની કિંમત કેટલી થાય છે તે અંગે કોઈ માહિતી આપવાનો તેમણે ઈનકાર કરતા કહ્યું હતુ કે જથ્થાની માત્રા જાણવા માટે હાલ કામગીરી ચાલી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતુ કે, ડ્રગ્સના જથ્થાને અફઘાનિસ્તાનથી 'પાવડર'માં ખપાવીને મોકલવામાં આવ્યો હતો. હજુ ગયા વર્ષે જ કચ્છ જિલ્લાના જ મુંદ્રા પોર્ટ પર ૨,૯૯૮ કિલો હેરોઈન ઝડપાયું હતું જેની કિંમત ૨૦,૦૦૦ કરોડ જેટલી થવા પામતી હતી. આ ઘટનાના એક મહિના બાદ પોર્ટનું સંચાલન કરતા અદાણી ગ્રુપે જાહેરાત કરી હતી કે હવેથી મુંદ્રા પોર્ટ પર પાકિસ્તાન, અફઘાનિસ્તાન તેમજ ઈરાનથી આવતા કોઈપણ કાર્ગોને હેન્ડલ કરવામાં નહીં આવે. હાલ આ કેસની તપાસ એનઆઈએ દ્વારા કરવામાં આવી રહી છે.

દેશમાં અત્યારસુધી સૌથી વધુ ૩,૦૦૦ કિલો હેરોઈનનો જથ્થો ડીઆરઆઈ દ્વારા મુંદ્રા પોર્ટ પરથી સપ્ટેમ્બર ૨૦૨૧માં પકડાયો હતો. આ કેસમાં વિજયવાડા સ્થિત આશી ટ્રેડિંગ કંપનીએ કંધારની હસન હુસૈન લિમિટેડ પાસેથી સેમી પ્રોસેસ્ડ ટેલ્કના નામે માલ મગાવ્યો હતો, જેને ઈરાનના પોર્ટ પરથી મોકલવામાં આવ્યો હતો.

કેસની તપાસ એનઆઈએના હાથમાં ગયા બાદ કુલ ૧૬ લોકો સામે ચાર્જશીટ કરાયું હતું, જેમાં ૧૧ અફઘાની નાગરિકો, ચાર ભારતીયો અને એક ઈરાનીનો સમાવેશ થાય છે. અત્યારસુધીમાં દસ આરોપી ઝડપાઈ ચૂક્યા છે. તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે હુસૈન એન્ડ હસન ફર્મને પાકિસ્તાનના કેટલાક આતંકવાદી સંગઠનો સાથે પણ સંપર્ક છે.

## યુક્રેનના મારીઉપોલ શહેરને સ્વતંત્ર જાહેર કરતા પુતીન

### સ્ટીલ પ્લાન્ટ સિવાય શહેર પર રશિયાની સેનાનું નિયંત્રણ



મોસ્કો, તા.૨૧

રશિયા અને યૂક્રેન યુદ્ધને શરુ થયાના ૫૭ દિવસથી વધુનો સમય પસાર થઈ ગયો છે. ત્યારે આ યુદ્ધનો સંગ્રામ મહાસંગ્રામમાં તબદીલ થઇ ગયો છે. રાષ્ટ્રપતિ પુતિને એલાન કર્યું છે કે, યુક્રેનના મારીઉપોલ શહેરને સ્વતંત્ર કરવામાં આવ્યુ છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જાહેરાત કરી છે કે, યુક્રેનિયન શહેર મારીઉપોલને "સફળતાપૂર્વક સ્વતંત્ર" કરાઈ દેવામાં આવ્યું છે. જોકે પુતિને પોતાની સેનાને કહ્યું છે કે શહેરમાં યુક્રેનના છેલ્લા ગઢ એઝોવસ્ટલ પર હુમલો ન કરે.

રાષ્ટ્રપતિ પુતિને રક્ષા મંત્રી તરફથી મળેલી જાણકારી મળ્યા બાદ પોતાના સૈનિકોની પીઠ થપથપાવી હતી.

રક્ષામંત્રીએ પુતિનને જાણકારી આપી હતી કે, સ્ટીલ પ્લાન્ટ સિવાય શહેર પર રશિયાના સેનાનું નિયંત્રણ થઈ ગયુ છે. આ યુદ્ધમાં રશિયા સ્ટીલ પ્લાન્ટ પર હુમલો કર્યા વગર મારિઉપોલમાં પુરી રીતે જીત મેળવી ન શકે.

એવુ કહેવાઈ રહ્યું છે કે, આ શહેરમાં હજારી સંખ્યામાં સૈનિકો માર્યા ગયા છે, જેને ૧ મહિનાથી રશિયાના સૈનકોએ ઘેરી રાખ્યાં હતા. આ શહેરમાં અનાજ, પાણી અને વિજળી જેવી સુવિધાઓ બંધ છે. મહત્વનું છે કે, જ્યારે આ યુદ્ધની શરુઆત થઇ હતી ત્યારે મારિઉપોલ શહેરને ખૂબ નુકશાન થયુ હતુ.

## દિલ્હીમાં કોરોનાના વધતા કેસ પાછળ ઓમિક્રોનનું સબ વેરિયન્ટ જવાબદાર

### દિલ્હીમાં જીનોમ સિક્વન્સિંગમાં ઓમિક્રોનના બીએ.૨.૧૨.૧ સહિત ૯ વેરિયન્ટ્ની પૃષ્ટિ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીમાં કોરોનાના કેસમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન એવા સમાચાર સામે આવ્યા છે કે, દિલ્હીમાં ઝડપથી વધી રહેલા કોરોનાના કેસ પાછળ ઓમિક્રોનનું સબ વેરિયન્ટ્સ મુખ્ય કારણ છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે, દિલ્હીમાં ઝડપથી વધી રહેલા કોરોનાના કેસ પાછળ ઓમિક્રોનના ૯ સબ-વેરિઅન્ટ્સ જવાબદાર છે. દિલ્હીમાં જીનોમ સિક્વન્સિંગમાં ઓમિક્રોનના બીએ.૨.૧૨.૧ સહિત ૯ વેરિયન્ટ્ની પૃષ્ટિ કરવામાં આવી છે. દિલ્હીમાં કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજધાનીમાં કોરોનાના ૧,૦૦૯ કેસ નોંધાયા છે. કોરોનાથી એક વ્યક્તિનું મોત પણ થયું છે. દિલ્હીમાં મંગળવારે કોરોનાના ૬૦૧ કેસ નોંધાયા હતા. છેલ્લા ઘણા દિવસોથી દિલ્હીમાં કોરોનાના કેસ તેજ ઝડપે વધી રહ્યા છે. દિલ્હીમાં સંક્રમણનો દર ૫.૭૦% પર પહોંચી ગયો છે. ૩૧૪ લોકોએ કોરોનાને માત આપી છે. હવે ચિંતાની વાત એ છે કે, ૧૦ ફેબ્રુઆરી બાદ રાજધાનીમાં ફરી એકવાર કેસ હજારના આંકડાને વટાવી ગયા છે. હવે કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે પરંતુ દિલ્હીમાં હજુ સુધી ટેસ્ટિંગમાં વધારો થયો નથી. બુધવારે રાજધાનીમાં કુલ ૧૭૭૦૧ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. અહીં પણ આરટીપીસીઆરની સંખ્યા માત્ર ૯૫૮૧ હતી. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં ટેસ્ટિંગ વધારવા પર પણ ભાર આપવામાં આવશે.

આરોગ્ય અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, દિલ્હીમાં ૧૦ એપ્રિલથી ૧૮ એપ્રિલની વચ્ચે એટલે કે એક સપ્તાહમાં પોઝિટિવિટી રેટ ૬ ગણો વધ્યો છે. દિલ્હીમાં ૧૦ એપ્રિલે પોઝિટિવિટી રેટ ૧.૨૯% હતો.

## આઈઆઈટી મદ્રાસમાં ૧૨ જણા કોરોના પોઝિટીવ મળ્યા

### દેશમાં ફરી ફૂંફાડો મારતો કોરોના : દેશમાં ચોવિસ કલાકમાં કોનાના ૨૩૮૦ નવા કેસ આવ્યા

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં ઘણા ભાગોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. આ વચ્ચે ગુરુવારે અધિકારીઓએ જાણકારી આપી હતી કે,આઈઆઈટી મદ્રાસમાં ૧૨ લોકો કોરોના પોઝીટીવ મળી આવ્યા છે. તમિલનાડુમાં બુધવારે કોરોનાના ૩૧ નવા કેસ આવ્યા હતા. જે બાદ રાજ્યનાં સ્વાસ્થ્ય સચિવે લોકોને માસ્ક પહેરી રાખવા અને કોરોના વાયરસના પ્રોટોકોલનું ગંભીરતાથી પાલન કરવાની અપીલ કરી છે. થોડા દિવસોથી દિલ્હી, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. જો કોરોનાના કેસની વાત કરીએ તો ભારતમાં એક દિવસમાં ૨૩૮૦ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે. કુલ આંકડો ૪ કરોડ ઉપર થઈ ગયો છે. જેની સામે કોરોનાથી મૃત્યુ પામેલ લોકોની સંખ્યા ૫,૨૨,૦૬૨ થઈ ગઈ છે. સ્વાસ્થય મંત્રાલય અનુસાર દેશમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૫૬ લોકોનાં મોત થયા છે, જ્યારે કેરળમાં ૫૩અને મિઝોરમ અને ઓડિશામાં ૧-૧ જોવા મળ્યો છે. દેશમાં હાલ પણ કોરોનાથી ૫,૨૨,૦૬૨ લોકોના મોત થયા છે.

## અફઘાનમાં ચાર સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ

### ૨૦નાં મોત : અફઘાનિસ્તાનમાં મજાર એ શરીફ મસ્જીદ, કાબુલ, નગંરહાર અને કુંદુજમાં પણ બ્લાસ્ટ થયો : અનેક ઘાયલ : તાલિબાનના કબજા બાદ અફઘાનમાં અરાજકતાનો માહોલ

કાબુલ, તા.૨૧

અફઘાનિસ્તાનમાંથી એક મોટી દુર્ઘટના ઘટી છે. ફરી એકવાર અફઘાનિસ્તાન બોમ્બ બ્લાસ્ટનાં કારણે હલી ગયુ છે. અહીં મજાર એ શરીફ મસ્જીદમાં બ્લાસ્ટ થયો છે. દેશનાં ત્રણ અલગ અલગ ભાગમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. અહીં કાબુલ, નગંરહાર અને કુંદુજમાં પણ બ્લાસ્ટ થયો છે. મસ્જીદમાં કુલ ૪ બ્લાસ્ટ થયા છે. જેમાં ૨૦ લોકોના મોત થયાની જાણકારી મળી રહી છે.

અફઘાનિસ્તાનના મજાર-એ- શરીફ મસ્જીદ સિવાય દેશના અન્ય વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ થવાના કારણે ૨૦ લોકોનાં મોત થઈ ગયા છે. આ બોમ્બ બ્લાસ્ટના કારણે ઘણાં લોકો ઘાયલ પણ થયા છે.

ઘણા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યાં છે. હોસ્પિટલમાં ઘાયલોની સારવાર ચાલી રહી છે. અફઘાનિસ્તાનમાં ૪ બોમ્બ બ્લાસ્ટ થવાના કારણે અફઘાનિસ્તાન હલી ગયુ છે.

TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

MAS FINANCIAL SERVICES LTD.
EXCELLENCE THROUGH ENDEAVOURS
The Power of Distribution
બિઝનેસ લોન
50* લાખ સુધી
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
63599 00968